કુદરતનો ખેલ જેટલો અકળ છે એટલો જ અટળ છે, એ કળી શકાય એવો પણ નથી અને ટાળ્યો ટળી શકે એવો પણ નથી

- અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૫ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૪, રવિવાર ; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# ગાંધીનગરમાં હાડ થીજવતી ઠંડી

## પારો ૭.૮ ડિગ્રી : ઠંડીની અસર જનજીવન પર વર્તાય છે : સાંજ પડતા જ વસાહતીઓ ઘરમાં પુરાઈ જાય છે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૭

વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડકનું પ્રમાણ વધતું જાય છે. ઠંડી વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે જેના કારણે સાંજ પડતા જ શહેર એકદમ સુમસામ લાગવા માંડે છે. ગઈ કાલે સાંજે લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. સુધી પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુઠવાયા હતા.

ડિસેમ્બરના અંતમાં ઠંડી કાતિલ બનતી જાય છે. લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦ ડિગ્રીની અંદર પહોંચી જતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઘરમાં પણ સ્વેટર પહેરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે દિવસથી ઠંડીનું પ્રમાણ વધતું જાય છે. ગઈ કાલે રાત્રે તો લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. સુધી પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રીએ પહોંચતા દિવસ દરમિયાન પણ ઠંડક અનુભવાઈ હતી. ઠંડી વધતા વસાહતીઓ આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરીને ફરતા જોવા મળે છે. ઠંડીના કારણે વસાહતીઓ સાંજ પડતા જ ઘરમાં પુરાઈ જાય છે. ઘરની બહાર વસાહતીઓની અવરજવર સાવ ઓછી થઈ જતાં નગર એકદમ સુમસામ લાગે છે. ઠંડીની જનજીવન પર સીધી જ અસર જોવા મળી રહી છે.

# જિલ્લામાં ૧૦૦ પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની જગ્યાઓ ખાલી

## ૬૮ની પ્રવરતા યાદી તૈયાર કરાઈ : ૨૯મીએ ખાતાકીય પસંદગી સમિતિની બેઠક : ૩૧મીએ સ્થળ પસંદગી અંગે ખાસ કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તા સભર બનાવવાની વાતો જોરશોરથી થાય છે પણ જિલ્લાની ૧૦૦ જેટલી શાળાઓમાં મુખ્ય શિક્ષકની જગ્યાઓ જ ખાલી છે.

જિલ્લા પંચાયત હસ્તકની ૫૫૦થી વધુ પ્રાથમિક શાળાઓ પૈકી ૧૦૦ શાળાઓમાં મુખ્ય શિક્ષકની જગ્યાઓ ખાલી પડી છે. જો કે શિક્ષણ વિભાગે આ જગ્યાઓ આગામી જાન્યુઆરીમાં ભરાઈ જાય તે રીતે કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૦-૧૩-૧૪માં એચ.ટાટની પરીક્ષા પાસ કરેલા ૬૮ જેટલા પ્રાથમિક શિક્ષકોને મુખ્ય શિક્ષક તરીકે બઢતી આપવા માટેની કામ ચલાઉ યાદી પ્રસિદ્ધ કરાઈ હતી. જેમાં વાંધાપૂર્તિને અંતે વિતેલા સપ્તાહની ૨૬મીએ આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આખરી પ્રવરતા યાદી ૨૬મી ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ કરી હવી સોમવારે આ જગ્યા પર બઢતી આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક મળશે.

આ પસંદગી સમિતિની કાર્યવાહીને પણ બે દિવસમાં જ આખરી ઓપ આપી દેવાયા બાદ ૩૧મીએ આ શિક્ષકોને મુખ્ય શિક્ષકની નિમણુંક માટેના સ્થળ પસંદગી કેમ્પમાં બોલાવાશે. બી.આર.સી. ભવન ખાતે સ્થળ પસંદગીને અંતે તે બધાને ત્યાં જ હુકમો આપવાની તૈયારીઓ તંત્ર કરી રહ્યું છે.

બીજી તરફ સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ જે ૩૨ જેટલી છે તે માટે રાજ્યકક્ષાએથી યાદી મળેથી વધુ એક વખત કેમ્પ કરી અને આ જગ્યાઓ ભરવામાં આવશે. આમ ૯૮ જગ્યાઓ પૈકી ૬૮ જેટલી જગ્યાઓ ૩૧ ડિસેમ્બરના રોજ ભરી દેવામાં આવશે.

જિલ્લાના પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને સઘનીકરણની વાતો થાય છે પરંતુ વાસ્તવિકતા જોજનો દૂર છે. જિલ્લા શિક્ષણ તંત્ર આયોજનો કરે છે પરંતુ કર્મયોગીઓની તંગી તેને સફળ થવા દેતી નથી.





